

## શ્રી ધીરજભાઇ પરમાર


આચાર્ય,
આણંદ એજુકેશન કોલેજ, આણંદ.

પ્રતિ,
ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિ
ડાયરેક્ટરશ્રી,
નારાયણ વિદ્યાલય, ભરૂચ

વિશેષમાં આપની સંસ્થામાં તા. ૧૧/૧૦/૨૫ ને શનિવારે ૧૮મું જ્ઞાનસત્ર યોજાયું. જેમાં ઉપસ્થિત રહી ‘‘બીજ, છોડ, વૃક્ષ અને વટ વૃક્ષ’’ વિષય મારા વિચારો પર રજૂ કરવાની તક મળી તે બદલ સંસ્થા પરિવારનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરું છું.

નારાયણ વિદ્યાલય તેના નવતર પ્રયોગોથી શિક્ષણ જગતમાં આગવું સ્થાન ધરાવે છે. શિક્ષકો વ્યવસાયિક સજ્જતાની ધાર કાઢતા રહે તે અત્યંત જરૂરી હોય એ સંદર્ભે પાંચ ગ્રુપમાં તમામ શિક્ષકોએ ક્રિયાત્મક સંશોધનો રજૂ કર્યા. જેમાં ગ્રુપ-૫ માં ૧૯ શિક્ષકોએ રજૂ કરેલાં ક્રિયાત્મક સંશોધનોની રજૂઆત સાંભળી. તમામ શિક્ષકોએ રસપૂર્વક રજૂઆત કરી જેમાં શાળા અને વિદ્યાર્થીઓ પ્રત્યેની તેમની કાર્યનિષ્ઠાનાં દર્શન થયાં. કન્વીતર નયનાબેન પટેલને પણ ધન્યવાદ પાઠવું છું.

નારાયણ વિદ્યાલય દ્વારા વિદ્યાર્થીઓનાં શૈક્ષણિક વિકાસ માટે સતત નવતર પ્રયોગો થતાં રહે તેવી હાર્દિક શુભકામનાઓ પાઠવતાં આનંદ અનુભવું છું.




---



## ડૉ. પીનાકિન પ્રસાદ યાજ્ઞિક

એસોસિયેટ પ્રોફેસર
આણંદ બી.એડ્. કોલેજ, આણંદ

પ્રતિ,
ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિ
ડાયરેક્ટરશ્રી,
નારાયણ વિદ્યાલય, ભરૂચ

**વિષય : પુસ્તકોનું ૧૮મા જ્ઞાનસત્ર અંતર્ગત યોજાયેલ ક્રિયાત્મક સંશોધન - પ્રેઝન્ટેશન કાર્યક્રમ અંગે મંતવ્ય.**

ગુજરાત રાજયની અગ્રેસર શૈક્ષણિક સંસ્થા શ્રી નારાયણ વિદ્યાલય, ભરૂચ દ્વારા ૨૧મી સદી જ્ઞાનની સદી, કૌશલ્યની સદી, વ્યવસાયિક સજ્જતાની સદીને અનુલક્ષીને પુસ્તકોનું ૧૮મું જ્ઞાનસત્ર તા. ૧૧/૧૦/૨૫ ના રોજ યોજાયું હતું.

શિક્ષકોનું જ્ઞાન, કૌશલ્ય અને ઉપયોજનની ત્રિવેણી સજ્જતા ઉપરાંત મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી વાલીઓ અને વિદ્યાર્થીઓને શિક્ષણનાં નૂતન પ્રવાહોનું જ્ઞાન પીરસવા કટિબધ્ધ બન્યાં છે ત્યારે વિદ્યાર્થીઓની સર્જન ક્ષમતા વધે, વિદ્યાર્થીઓની કુટેવોમાં સુધારો આવે તેમજ નિદાનાત્મક અને ઉપચારાત્મક પગલાં ભરીને શિક્ષણમાં પ્રગતિ થશે તેવો મારો દૃઢ વિશ્વાસ છે.

૨૧મી સદીમાં ‘‘મોબાઇલનું વલણ’’ છોડીને વિદ્યાર્થીઓ વાંચન - લેખન - પઠન - ગણન કરતા થાય તેવા આપના જ્ઞાનસત્રનાં પ્રયત્નોને આવકારું છું.

આપના સરાહનીય પ્રયત્નો નવી ઉંચાઇઓ હાંસલ કરાવશે જ તેવો મારો મત છે. વ્યકિતગત વિકાસ, સ્વનો વિકાસ અને સંસ્થાનાં વિકાસનાં ત્રિવેણી અભિગમ દ્વારા યોજાયેલ આ પ્રકારનાં જ્ઞાનસત્રો દ્વારા શિક્ષણક્ષેત્રે ક્રાંતિ આવશે જ. તે વાત નિર્વિવાદ છે. અને મને દૃઢ વિશ્વાસ છે કે આપ સૌનાં આ ‘‘જ્ઞાનસત્ર’’ દ્વારા જ્ઞાનનાં અજવાળાં થશે જ.

સૌને મારા અભિનંદન પાઠવું છું. સૌની પ્રગતિ મારી અંતરની શુભેચ્છાઓ પાઠવું છું.

**ધન્યવાદ.**